©



सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 05th NOVEMBER, 2026/KARTIKA 14, 1948 [Issue No. 45

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	741-744	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	13001-13694
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ સને-૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીના અંતિમ હુકમ ક્રમાંક : DRCSAMR/0034/08/2025, તા. 21-08-2025.

(૪) ફડચા અધિકારી શ્રી ફોરવર્ડ હાઈસ્કુલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી ભંડાર લી. (ફ) મુ. અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલી અને શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨(ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ અમરેલીના તા. ૧૫-૦૭-૨૦૨૬ના પત્ર ક્રમાંક : સઅફ/ફ/૨૯૫/૨૦૨૬ થી નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/૫૩૧ થી ૫૩૯/૨૦૨૬.-આથી હું, એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) ની જોગવાઈ તથા વંચાણે લીધા ક્રમાંક : નં. (૨) થી મને મળેલ અધિકારની રૂએ શ્રી ફોરવર્ડ હાઈસ્કુલના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી ભંડાર લી.(ફ) મું. અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર : સે.શ.૪૮૪૪, તા. ૧૪-૧૦-૧૯૯૮ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૨૦ માહે જુલાઈ, સને ૨૦૨૬.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૬-૦૮-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : GHKH-62-2011-NSB-12-2022-3011-CH.

(૩) અત્રેની કચેરીના Letter No. DRCSAMR/0025/05/2026 તા. ૨૭-૦૫-૨૦૨૬ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : સકક/ફડચ/ગ-૩/૫૪૦ થી ૫૫૫/૨૦૨૬.-આથી હું એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આમુખમાં વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ અમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી રાજલકૃપા મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. મોટાઆંકડીયા, તા. અમરેલી, જિ. અમરેલી (નોંધણી નંબર : ૩/૬૧૧૬, તા. ૨૪-૧૦-૨૦૦૨)ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ૧૦૭(૧)(ક), (સી)(૨), (૪) ની જોગવાઈઓ મુજબ ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા), લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીની નિમણુંક કાયમ કરવામાં આવે છે. ફડચા અધિકારીએ મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ૫ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૨૦ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એસ. આર. અણીયાળીયા
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ
અમરેલી

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૨/૨૩૯/૧૦૭૦/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી જય રવેચી કન્ઝુમર્સ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. પો. તા. ભચાઉ જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTBHA202605172

ભુજ-કચ્છ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૨/૨૨૬/૧૦૧૬/૨૦૨૬.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે બીટા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પો. બીટા, તા. અબડાસા, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : REG/KUT/SE(MILK)49179/2026

ભુજ-કચ્છ, ૦૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

એમ. એલ. અગરવાલ
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ
ભુજ-કચ્છ

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭/૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ક-૪/૮૨૫/૮૩૩/૨૦૧૩ થી કરેલ ફડચાનો વચગાળાનો આદેશ.

(૪) અધિક રજિસ્ટ્રારશ્રી (અપીલ), સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના હુકમ ક્રમાંક : સક્ક/ક-અપીલ/૨૫૩, ૨૦૨૪, તા. ૧૨-૦૬-૨૦૨૪

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/ /૨૦૨૬.-હું, એ. એમ. સિધ્ધપરા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, અમોને ઉકત વંચાણે લીધા ક્રમાંક-૨ પરના જાહેરનામાંથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી બ્રુક બોન્ડ કામદાર કો-ઓપરેટીવ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સહકારી મંડળી લી., મુ. જામનગર, તા. જામનગર, જિ. જામનગર જેના જેના નોંધણી નંબર-૨૭૦૦ નોંધણી તારીખ : ૨૪-૦૫-૧૯૬૦ ને આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ, ગુજરાત સરહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની જોગવાઈ મુજબ તથા વંચાણે લીધા આંક-૪ ના હુકમથી અત્રેના વચગાળા આદેશને કાયમ રાખતો હુકમ કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ ફડચાના વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું અને સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે કચેરીના સહકારી અધિકારી(ફડચો)ની ફડચા અધિકારી તરીકે નિમણૂક કરૂ છુ. નિયુકત ફડચા અધિકારીએ ફડચા અધિકારી તરીકે મંડળીના તમામ દફતર, માલમિલ્કતનો ચાર્જ સંભાળીને ફડચાની તમામ કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦(૧) ની જોગવાઈઓ.

(૨) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ/૫૧/૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીનો અંતિમ ફડચા આદેશ ક્રમાંક : ફડચ/ક-૨૦૦૪૦/૯૫૧/૯૫૮/૨૧, તા. ૧૭-૧૨-૨૧

(૪) ફડચા અધિકારીશ્રી, શ્રી સુધાધુના ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી., (ફડચામાં), મુ. સુધાધુના, તા. ધ્રોલ, જિ. જામનગર અને સહકારી અધિકારી (ફડચો-૧)નો પત્ર ક્રમાંક : ફડચ/ફ-૧/૬૮/૨૦૨૬, તા. ૦૫-૦૯-૨૦૨૬ થી રજૂ કરેલ આખરી દરખાસ્ત.

હુકમ

Letter No. drcsjm/0039/09/2026-હું, એ. એમ. સિધ્ધપરા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, આમુખની વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળની જોગવાઈઓ તથા કૃષિ અને સહકાર વિભાગના વંચાણે લીધા ક્રમાંક-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકારોની રૂએ આથી આદેશ કરૂ છું કે,

૧. શ્રી સુધાધુના ફળ અને શાકભાજી ઉત્પાદકોની સહકારી મંડળી લી, મુ. સુધાધુના, તા. ધ્રોલ, જિ. જામનગર (નોંધણી ક્રમાંક : સા-૨૪૨૧, તા. ૩૦-૦૩-૨૦૧૬) ની નોંધણી આ હુકમની તારીખથી રદ કરવામાં આવે છે અને સદરહુ મંડળીનું કાયદાકીય અસ્તિત્વ સમાપ્ત કરવામાં આવે છે.

૨. આ હુકમની તારીખથી સદર મંડળી વિસર્જિત (Dissolved) થયેલી ગણાશે.

જામનગર, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) સ્પે. ઓડિટર(વધારાના), સહકારી મંડળીઓ, રાજકોટ દ્વારા તા. ૧૦-૦૭-૨૦૨૬ના પત્રથી એસ. એ. જાડેજા, ઓડીટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ, જામનગરનો રજુ કરેલ ખાસ અહેવાલ.

(૪) આ કચેરીની તા. ૦૫-૦૮-૨૦૨૬ નાં રોજના પત્ર ક્રમાંક : drcsjm/0095/07/2026 થી ઈસ્યુ કરેલ કારણદર્શક નોટીસ

હુકમ

Letter No. drcsjm/0047/09/2026-હું, એ. એમ. સિધ્ધપરા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, મને ઉકત વંચાણે લીધા આંક-૨ થી મળેલ સતાની રૂએ પ્રસ્તાવનાની વિગતે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૮૧(૧)(એ) ની જોગવાઈઓને આધીન શ્રી જામનગર મ્યુનિસિપલ ટ્રાસન્પોર્ટ સર્વિસના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ. જામનગર, તા. જામનગર, જિ. જામનગર (નોંધણી ક્રમાંક : ૧૮૮૩, તા. ૦૧-૦૯-૧૯૬૭)ની વ્યવસ્થાપક સમિતિને દુર કરી, તેમની જગ્યાએ વહીવટદાર તરીકે એન. કે. જોષી, સીનીયર કલાર્કની નિમણુક કરતો આદેશ કરૂં છું. નિયુક્ત વહીટવદારે તાત્કાલિક ચાર્જ સંભાળી તેનો અહેવાલ અત્રે રજુ કરવાનો રહેશે. તેમજ ચાર્જ સંભાળ્યા તારીખથી ૬ માસમાં વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરી, ચૂંટાયેલ સમિતિને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

જામનગર, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

એ. એમ. સિધ્ધપરા
જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ
જામનગર

નોંધણીનું પ્રમાણપત્ર

જા.ક્રમાંક/નધણ/ધ/૧૫૮ થી ૧૫૯/૬૨૬/નં. CSGIRUSE 202605297.-જાહેર કરે છે શ્રી રાજ અનાજ, કઠોળ, મગફળી ઉત્પાદક અને પ્રોસેસીંગ સ.મં.લી.

મંડળીનુ કાર્યક્ષેત્ર કોડીનાર તાલુકા પુરતું મર્યાદિત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૦૫ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

એન. ડી. ગોહિલ
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ
ગીર સોમનાથ

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) શ્રી આરાધના ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી., મુ. તા. રાજકોટના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : જિ.ઉ.કે./રાજ/ફડચ/૧૩૮૭/૨૦૧૩, તારીખ : ૧૨-૧૨-૨૦૧૩.

(૪) અત્રેની કચેરીના તારીખ : ૩૧-૦૭-૨૦૨૬ના હુકમ ક્રમાંક : DRCSRJ/0430/07/2026 થી શ્રી આરાધના ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી., મુ. તા. રાજકોટમાં કરવામાં આવેલ ફડચા અધિકારીની નિમણુંક.

(૫) ફડચા અધિકારીશ્રી ના તારીખ : ૩૦-૦૯-૨૦૨૬ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

Letter No. DRCSRJ/0036/10/2026.-આથી હું, બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ ઉકત વંચાણે લીધા-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ શ્રી આરાધના ઔદ્યોગિક સેવા સહકારી મંડળી લી., મુ. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ (નોંધણી નંબર : ઉ-૫૫૨૭, તારીખ : ૧૫-૦૬-૧૯૯૩) ની કાયદાની કલમ-૧૧૪ હેઠળ ફડચા અંગેની તમામ કાર્યવાહી સમાપ્ત જાહેર કરૂ છું તેમજ આ જ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહું મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

વધુમાં કાયદાની કલમ-૨૦(૩)ની જોગવાઈ મુજબ ''રજિસ્ટ્રેશન રદ કર્યાના હુકમની તારીખથી મંડળી વિસર્જિત થયેલી ગણાશે અને તે મંડળી સંસ્થાપિત મંડળી તરીકે અસ્તિત્વમાં હોતી બંધ થશે.''

રાજકોટ, ૦૯ માહે ઓકટોબર, સને ૨૦૨૬.

ડૉ. બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ
રાજકોટ

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSMRB/0055/09/2026.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી હરિકૃષ્ણ જુથ સેવા સહકારી મંડળી લી., મુ. ગોલાસણ, તા. હળવદ, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSEVI202605226, Dt. 23-09-2026 છે.

મોરબી, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSMRB/0041/09/2026.-આથી જાહેર કરવામાં આવે છે કે, અકાય ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. વાંકાનેર, તા. વાંકાનેર, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSESH202605184, Dt. 17-09-2026 છે.

મોરબી, ૧૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSMRB/0028/09/2026.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી નવા અમરાપર જુથ સેવા સહકારી મંડળી લી., મુ. નવા અમરાપર, તા. હળવદ, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSE202605088, Dt. 01-09-2026 છે.

મોરબી, ૦૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ
મોરબી

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/ક-૩/૮૬/૧૩૧૫/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી પે ઓલ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી., મુ. ચોકડી, તા. ચુડા, જિ. સુરેન્દ્રનગરને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSSRNSESH202605216, DATE 21-09-2026 છે.

સુરેન્દ્રનગર, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૬.

કે. કે. ચૌધરી
જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ
સુરેન્દ્રનગર

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.11.05 15:26:31 IST